તાપમાન
મહત્તમ : ૩૯.૮ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૦ ટકા ● સાંજે ૨૦ ટકા

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. 33 | ૧૪ એપ્રિલ, ૨૦૧૬, ગુરૂવાર ; ચૈત્ર સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- ૬.૮ની તીવ્રતાના આંચકાથી ઉત્તર ભારત ફરીથી હચમચ્યું
- લેવાલીની વચ્ચે સેંસેક્સ ૪૮૧ પોઇન્ટ સુધરીને અંતે બંધ રહ્યો
- ૩૦મી બાદ મહારાષ્ટ્રમાં કોઇ મેચો નહીં : હાઇકોર્ટ
- કંપનીઓ વચ્ચે તીવ્ર સ્પર્ધાથી ફોરજી સ્માર્ટફોન સસ્તા થશે
- ગુજરાતી વિદ્યાર્થીની ક્રુર હત્યા કેસમાં અમેરિકી પોલીસ સક્રિય
- ભારતમાં સોનાની આયાત ૧૬ ટકા સુધી ઘટી ગઇ છે
- તંજિલ અહેમદના પત્નિ ફરઝાનાનું નિધન
- શબરીમાલા મંદિર : ટ્રસ્ટ પર સુપ્રીમ કોર્ટના આકરા પ્રહારો
- મનિ લોન્ડરિંગ મામલે માલ્યાના પાસપોર્ટને જપ્ત કરવા માંગ

# સારા વરસાદથી કૃષિ ઉત્પાદન વધશે

**સારા વરસાદથી અર્થતંત્રમાં જોરદાર તેજીના સ્પષ્ટ સંકેતો : મોંઘવારીમાં ૦.૫ ટકાનો ઘટાડો થવાથી લોકોને રાહત મળશે : નરેન્દ્ર મોદી સરકારના ગાળામાં પ્રથમ વાર સારો વરસાદ થવાની આગાહી : ખેડૂતો ખુશ**

નવી દિલ્હી,તા. ૧૩

આ વખતે મોનસુની વરસાદ સારો રહી શકે છે તેવી આગાહી કરવામાં આવ્યા બાદ તમામ સંબંધિત ક્ષેત્રોમાં નવા પ્રાણ ફુંકાઇ રહ્યા છે. દેશમાં સતત બે વર્ષ સુધી ઓછા વરસાદની સ્થિતી રહ્યા બાદ હવે સારા સંકેત મળી રહ્યા છે. હાલમાં દેશના મોટા ભાગના વિસ્તારોમાં દુષ્કાળની સ્થિતી છે. દરમિયાન આ વર્ષે સારા વરસાદની વાત કરવામાં આવી રહી છે. નવી આગાહી પણ અગાઉની બે આગાહીની જેમ જ યોગ્ય સાબિત થશે તો મોદી સરકારના ગાળામાં પ્રથમ વખત સારો વરસાદ થઈ શકે છે. અર્થવ્યવસ્થામાં ઉછાળ આવવાની શક્યતા છે. દેશમાં ૨ વર્ષ બાદ ચાલુ વર્ષે ચોમાસાની સીઝનમાં સામાન્યથી ૬ ટકા વધારે વરસાદ થવાની ધારણા છે. તેનાથી

ખરીફ સીઝનમાં બમ્બર પાક થવાની ધારણા બંધાઈ છે સાથે જ મોંઘવારીમાં પણ ૧ ટકા ઘટાડનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. પાછલા વર્ષે દુષ્કાળને કારણે કુલ ઉત્પાદનમાં ૫ ટકાનો ઘટાડો નોંધાયો હતો. પાછલા વર્ષે ચોમાસામાં વરસાદ અંદાજ કરતાં ૧૪ ટકા ઓછો પડ્યો હતો. નિષ્ણાંતોના કહેવા મુજબ ચોમાસામાં સામાન્યથી વધારે વરસાદ રહેવા પર ચાલુ વર્ષે ઉત્પાદન પાછલા વર્ષની તુલનામાં ચોક્કસ વધારે રહેશે. ચાલુ વર્ષે ઉત્પાદન પાછલા વર્ષની તુલનામાં ૧૦ ટકા વધારે રહી શકે છે. ઉપરાંત ઉત્પાદન સારું થવાની સીધી અસર મોંઘવારી પર થશે. મોંઘવારીમાં ૦.૫-૧ ટકા ઘટાડો જોવા મળી શકે છે. સારા ચોમાસાની અસર જૂન બાદથી જ જોવા મળી રહેશે. આઈએમડીનો અંદાજ યોગ્ય રહે તો ચાલુ વર્ષે બમ્પર પાક થશે. ખરીફ સીઝનમાં કૃષિ ઉત્પાદનમાં ૯-૧૦ ટકાનો ઉછાળો જોવા મળી શકે છે. દેશના તમામ ભાગમાં જો ચોમાસું સારુ રહ્યું તો આ વખતે ચોક્કસ પણે

● અનુસંધાન પાન-૭ પર



૧૨૫મી જન્મજયંતિ - ભારતીય બંધારણના શિલ્પી ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિએ દેશ કૃતજ્ઞતા વ્યક્ત કરે છે... સામાજીક સમરસતા અને સમાજીક ન્યાય માટે લડત આપતા એક અદના કાર્યકરમાંથી દેશના અગ્રમી નેતા પદે પહોંચનાર ડૉ. બાબાસાહેબ આંબેડકર સમગ્ર દેશ માટે પ્રેરક રહ્યા છે અને રહેશે... આજે ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે દેશભરમાં સામાજીક સમરસતાના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે... કુશળ નેતૃત્ત્વ, અસરકારક વક્તા અને સામાજીક ન્યાયના લડવૈયા બાબાસાહેબને વંદન છે...

# માયાવતી સામે ફરીવાર એફઆઈઆરની માંગ



**અરજી પર સુનાવણી કરવા સુપ્રીમ કોર્ટ સહમત : માયાવતી સામે નવેસરથી એફઆઈઆર દાખલ કરવાની કોઇ જરૂર નથી : કેન્દ્રની સરકારે માયાવતીને ટેકો આપ્યો**

નવી દિલ્હી,તા. ૧૩

મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટ આવકના જાણિતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ કેસમાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતી સામે નવેસરથી એફઆઈઆરની નોંધણી કરવાની માંગ કરતી અરજી ઉપર સુનાવણી કરવા સહમત થઈ ગઈ છે. જો કે, કેન્દ્ર સરકારે માયાવતીને ટેકો આપતા કહ્યું છે કે, નવેસરથી એફઆઈઆર દાખલ કરવાની કોઈ જરૂરિયાત દેખાઈ રહી નથી. કારણ કે, માયાવતીને પહેલાથી જ આ કેસમાં ક્લીનચીટ મળી ચુકી છે. નવેસરથી એફઆઈઆરની

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યભરમાં જ્વેલર્સ હડતાલનો આખરે અંત

**ગુજરાતમાં હડતાળના કારણે ૧૨૦૦૦ કરોડનું નુકસાન થયું : ૭૦ ટકાથી વધુ માંગણીઓ સ્વીકારી લેવામાં આવી**



અમદાવાદ, તા.૧૩

ગુજરાતની સાથે સાથે દેશભરમાં જ્વેલર્સની ચાલી રહેલી હડતાળનો આખરે અંત આવી ગયા બાદ આજે તમામ દુકાનો ખુલી ગઈ હતી. જ્વેલર્સના શો રૂમ ખુલી ગયા હતા. આની સાથે જ છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલા વિવાદનો પણ અંત આવી ગયો હતો. ૪૨ દિવસ સુધી આ હડતાળ ચાલી હતી. જ્વેલર્સ એસોસિએશનના પ્રતિનિધિઓની મંગળવારની રાત્રે નવીદિલ્હીમાં વરિષ્ઠ પ્રધાનો સાથે બેઠક યોજાઈ હતી જેમાં કેટલાક મુદ્દે સહમતિ થયા બાદ હડતાળનો અંત આવી ગયો છે. ગુજરાતભરમાં જ્વેલર્સે આજે તેમના શોરૂમ અને દુકાનો અને પેઢીઓ ખોલી દીધી હતી. ગુજરાત જ્વેલર્સ એસોસિએશનના પ્રવક્તા આશીષ ઝવેરીએ પણ આ અંગેની માહિતી આપી હતી. તેમના કહેવા મુજબ ગુજરાત જ્વેલર્સ એસોસિએશન દ્વારા સત્તાવાર નિર્ણય કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા આશરે ૭૦ ટકા માંગણીઓને સ્વીકારી લેવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર સિવિલની લેબમાં રાત્રે આગ

**એસીમાં સોર્ટસર્કીટ થતા આગ ભભુકી : હોસ્પિટલ સ્ટાફને આપેલી ફાયરની તાલીમ નિષ્ફળ : હોસ્પિટલ સ્ટાફે ગેસને બદલે પાવડરવાળુ એસ્ટીંગ ગીઝર વાપરી નાખ્યુ : હોસ્પિટલમાં નાશભાગ**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બુધવાર રાત્રે ૯.૩૦ વાગ્યાના અરસામાં ઈમરજન્સી ક્લીનીકલ લેબોરેટરીમાં અચાનક આગ ભભુકી ઉઠતા નાસભાગ મચી જવા પામી હતી. લેબોરેટરીમાં એક મહિલા સહિત પાંચ લેબ ટેકનીશ્યન કામગીરી કરી રહ્યા હતા તે દરમ્યાન અચાનક જ લેબના એસી પ્લાન્ટમાં શોર્ટ સર્કિટ થતા સ્પાર્ક સાથે આગ લાગી હતી.

ધીમે ધીમે આગ મોટુ સ્વરૂપ ધારણ કરી રહી હતી. દરમ્યાન લેબોરેટરીમાં કાર્યરત સ્ટાફને હોસ્પિટલમાં તૈનાત સિક્યુરીટી જવાનોએ બહાર કાઢી બચાવી લીધા હતા. તો બીજી તરફ હોસ્પિટલ સ્ટાફને ઈમરજન્સી સમયે ફાયર એસ્ટીંગ્યુઝર કેવી રીતે વાપરવા તે અંગે તંત્ર દ્વારા અવારનવાર અપાયેલી તાલીમ નિષ્ફળ નીવડી હતી. એસી પ્લાન્ટમાં સોર્ટથી લાગેલી આગના કિસ્સામાં ગેસવાળુ એસ્ટીંગ્યુઝર વાપરવુ જરૂરી છે તેને બદલે સ્ટાફે જે હાથમાં આવ્યુ તે એટલે કે પાવડરવાળુ એસ્ટીંગ્યુઝર ચલાવી આગને કાબુમાં લેવાનો પ્રયત્ન કર્યો હતો. સ્ટાફની આ બેદરકારીને કારણે લેબોરેટરીમાં વધુ નુકસાન થવા પામ્યુ હતુ. ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળતા ફાયર ઓફિસર એમ.આર. મોડ તથા તેમની ટીમ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને આગને સમયસર કાબુમાં લઈ લીધી હતી.






ધોરણ:-૧૦ પછી શું ?
સાયન્સ (A OR B ગ્રૂપ)
ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ
(ગુજરાતી માધ્યમ)-સરગાસણ
દ્વારા આયોજીત ફ્રી સેમિનાર
તારીખ : 17/04/2016 સમય : 10 A.M. to 11 A.M.
Limited seats so Register your name as soon as possible.
Contact us
Ph.:(079) 29289315
Mobile: 76238 71647, 76238 71648






રામનવમીના શુભ પર્વ નિમિત્તે
રાહતદરે હેલ્થ ચેકઅપ કેમ્પ
તારીખ : ૧૫ એપ્રીલ, ૨૦૧૬, શુક્રવાર ● સવારે ૧૦ થી ૧ કલાકે

| | |
|---|---|
| Height, Wt, BMI | |
| Blood Pressure, SPO2 | |
| RBS | 40/- |
| HbA1C | 500/- |
| Lipid Profile | 500/- |
| Neuropathy Test | 300/- |
| PFT for Lung (શ્વાસના રોગો માટે) | 350/- |
| Diabetologist Consultation | 1000/- |
| Wellness Consultation | 200/- |
| Special Diet Plan for Diabetic patients | |
| Uro Surgen Consultation | 1000/- |

~~3090~~/- નહી પણ ફક્ત રૂ. ૩૦૦/-માં
શ્વાસના પેશન્ટ માટે કોમ્પ્યુટરાઈઝ્ડ મશીનથી ફેફસાની તપાસ કરી આપવામાં આવશે
કીડની, પથરી, પ્રોસ્ટ્રેટ તથા પેશાબને લગતા તમામ રોગો માટે કેમ્પનો લાભ લેવો.
Dr. Deven Shah - Consultant Diabitologist
Dr. Aniket Pandya - Consultant Uro Surgeon
Rucha Shah - Dietician
રજીસ્ટ્રેશન માટે : Mo. 9714644224
|| અથર્વ ક્લિનીક ||
ડો. કિરીટ એસ. પટેલ
ડો. વિશાલ ઠાકર
૧૮૦, એલ.આઈ.જી., ડબલ ડેકર, સેક્ટર-૨૪, ગાંધીનગર
કેમ્પમાં આવો ત્યારે જુના રિપોર્ટ અને દવા સાથે લઈને આવવું.